ગાંધીનગર સમાચાર

**કેશલેશ વ્યવ્હારના મામલે જાણકારીના અભાવે ગોથે ચઢતા આમ નાગરિકો**

# જિલ્લામાં ૧૯ ગ્રામ પંચાયતો અને ૯૩૮ વોર્ડ સમરસ

## સૌથી વધુ ઉમેદવારો ગાંધીનગરમાં, સમરસ પંચાયતો માણસામાં ૯, દહેગામમાં ૭, ગાંધીનગરમાં ૨ અને કલોલમાં ૧ પંચાયત

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં ૧૯ ગ્રામ પંચાયત સમરસ થતાં હવે ૧૭૫ ગ્રામ પંચાયતોમાં ચૂંટણીઓ યોજાશે. જિલ્લામાં હવે સરપંચ પદ માટે ૫૯૭ ઉમેદવારો અને વોર્ડના સભ્યપદ માટે ૧૭૩૭ ઉમેદવારો મળી કુલ ૨૩૩૪ ઉમેદવારો મેદાનમાં છે.

જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીનું સ્પષ્ટ થયેલા ચિત્રને અંતે ૯૩૮ વોર્ડ બિનહરિફ થવા પામ્યા છે. ૧૯૪ ગ્રામ પંચાયતોના ૧૭૮૦ વોર્ડની સામાન્ય ચૂંટણીઓ યોજાઈ રહી છે.

મળતી વિગતો પ્રમાણે જે ૧૯ ગ્રામ પંચાયતો સમરસ બની છે તેમાં ૮ મહિલા સરપંચ ધરાવતી પંચાયત છે તો ૧૧ સામાન્ય બેઠક સરપંચની ધરાવતી સમરસ બની છે. જે પંચાયતો સમરસ બની છે જે પંચાયતો સમરસ થઈ છે તેમાં ગાંધીનગર તાલુકાની બે, કલોલની ૧, માણસાની ૯ ગ્રામ પંચાયતો અને દહેગામની ૭ ગ્રામ પંચાયતોનો સમાવેશ થાય છે.

### મહિલા સરપંચ હોય અને પંચાયત સમરસ થઈ તેવી ૮ ગ્રામ પંચાયત

મહિલા સરપંચ ધરાવતી પંચાયત સમરસ થઈ હોય તેવી જિલ્લાની ૮ ગ્રામ પંચાયતો છે. જેમાં ગાંધીનગરની ૧, માણસાની ૩ અને દહેગામની ૪ ગ્રામ પંચાયતોનો સમાવેશ થાય છે.

૨૦૧૧ની સામાન્ય ચૂંટણીમાં મહિલા સરપંચ ધરાવતી પાંચ પંચાયતો અને ૩૦ સામાન્ય બેઠક સરપંચ ધરાવતી પંચાયતો સમરસ થઈ હતી. આ વખતે સામાન્ય બેઠક સરપંચની ધરાવતી હોય તેવી ૧૧ પંચાયતો સમરસ બની છે. જેમાં માણસાની ૬, દહેગામની ૩ અને ગાંધીનગર-કલોલની ૧-૧ ગ્રામ પંચાયતનો સમાવેશ થાય છે. સૌથી વધુ વોર્ડ દહેગામમાં બિનહરિફ થયા છે જેની સંખ્યા ૪૪૪ છે. ગાંધીનગરમાં ૩૦૨, માણસામાં ૧૪૮ અને કલોલમાં ૪૪ વોર્ડનો સમાવેશ થાય છે.

સ્પષ્ટ થયેલા ચૂંટણી ચિત્રમાં એક ગામ એવુ છે જ્યાં એક વોર્ડની ચૂંટણીને કારણે ગ્રામ પંચાયત સમરસ થતાં અટકી પડ્યુ છે. આ ગામ માણસા તાલુકાના પાલડીરાઠોડ ગામમાં આવુ બન્યુ છે.

કલોલ તાલુકા દંતાલીમાં સરપંચની ચૂંટણી થશે જ્યારે દહેગામ તાલુકાના નવ ગામોમાં આવુ ચૂંટણી ચિત્ર ઉપસી રહ્યું છે. આ ગામોમાં દહેગામ તાલુકાના ધણિયોલ,

### સમરસ થયેલ ગ્રામ પંચાયત

**ગાંધીનગર** - રણાસણ અને રાયસણ

**કલોલ** - ગણપતપુરા

**માણસા** - ઉમિયાનગર, મોતીપુરા(વે), અનંતપુરા(વે), ફતેપુરા, ભીમપુરા, રામપુરા, મકાખાડ, રાજપુરા, હિંમતપુરા(બિ)

**દહેગામ** - જેશાચાંદાના મુવાડા, બદપુર, લીરાપુર, ઝાલાનામુવાડા, રામનગર, શિયાપુરા, વેલપુરા.

૧૦ ગ્રામ પંચાયતો એવી છે જ્યાં માત્ર સરપંચની જ ચૂંટણી થશે. જેમાં કલોલની એક ગ્રામ પંચાયતની અને દહેગામની નવ ગ્રામ પંચાયતોનો સમાવેશ થાય છે.

ચિસ્કારી, મહુડીયા(મોતીપુર) બારડોલી(બ) કમાલ બંધ વાસણા, મોટી માલંજ (મિરજાપુર), હિલોલ(વા) મોટી પાવઠી, પહાડિયા (સુજાનામુવાડા)નો સમાવેશ થાય છે.

ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૧ની સામાન્ય ચૂંટણીઓમાં ૩૫ ગ્રામ પંચાયતો સમરસ થઈ હતી જ્યારે આજે ૧૯ ગ્રામ પંચાયતો સમરસ થતાં સમરસ ગામોની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે.

આજે સ્પષ્ટ થયેલા ચૂંટણી ચિત્રમાં ગાંધીનગર તાલુકામાં ૩૦૨ વોર્ડ, કલોલમાં ૪૪ વોર્ડ, માણસામાં ૧૪૮ વોર્ડ અને દહેગામ તાલુકામાં ૪૪૪ વોર્ડ બિનહરિફ થયા છે.

### એક વોર્ડમાં એક જ ઉમેદવારે ફોર્મ ભર્યુ અને તે રદ થતાં બેઠક ખાલી પડી

કલોલ તાલુકાના નવા ગામે ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં એક વોર્ડમાં એક જ ઉમેદવારે ઉમેદવારી નોંધાવી હતી પણ ચકાસણી દરમ્યાન આ ઉમેદવારનું ફોર્મ રદ થતાં તે વોર્ડની બેઠક ખાલી રહેવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ઘણા એવા વોર્ડ છે જેમાં એક પણ ઉમેદવારે ઉમેદવારી નોંધાવી નથી. તેવા વોર્ડ અને ગામની અલગ યાદી બનાવવા માટે તંત્રને સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

આવા વોર્ડની હવે પેટા-ચૂંટણીઓ અલગથી યોજવા માટે દરખાસ્ત પુનઃ કરવામાં આવશે તેમ આ સૂત્રોએ જણાવ્યું છે.

વોર્ડ બિનહરિફ થયા હોય તેમાં ૨૦૧૧ની તુલનામાં વધારો જોવા મળ્યો છે. જિલ્લામાં ૧૭૫ ગામની ચૂંટણી માટે તંત્રએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. જે પંચાયતો સમરસ થઈ છે તે પ્રથમવાર સમરસ થઈ હોવાનું બિનસત્તાવાર સૂત્રોએ જણાવ્યુ છે.

સરપંચ પદ માટે સૌથી વધુ ઉમેદવારો ગાંધીનગરમાં મેદાનમાં રહે છે. જેમાં ૨૫૮ ઉમેદવારો મેદાનમાં છે. આ પછી દહેગામમાં ૨૫૬ ઉમેદવારો, માણસામાં ૪૩ ઉમેદવારો અને કલોલમાં ૪૦ ઉમેદવારો મેદાનમાં રહે છે.

વોર્ડના સભ્યપદ માટે પણ ગાંધીનગર તાલુકામાં ૮૮૪, દહેગામમાં ૫૫૧, માણસામાં ૧૧૩ અને કલોલમાં ૧૮૯ ઉમેદવારો મેદાનમાં રહે છે.

# કેશલેશ વ્યવ્હારના મામલે જાણકારીના અભાવે ગોથે ચઢતા આમ નાગરિકો

**પ્લાસ્ટીક મનીના ઉપયાગ માટે શહેરના સી એન જી પંપો અને હોટલોમાં હજુ પણ સ્વાઈપ મશીનો ન હોવાનો રોષ : પ્લાસ્ટીક મનીનો ટ્રેન્ડ મજબુત બનાવવા માટે આમ નાગરિકોને પ્રશિક્ષણ પણ જરૂરી : શહેરમાં કેશલેશ વ્યવ્હાર ૩૦ ટકાથી પણ ઓછો**

ગાંધીનગર તા ૧૫

નોટબંધીના અંતે આમ નાગરિકોને બેંકોમાંથી પર્યાપ્ત કેશ ઉપલબ્ધ થતી નથી ત્યારે કેશલેશ વ્યવ્હાર પ્રબળ બનાવવાના પ્રયાસો હજુ પોકળ સાબિત થઈ રહયા છે. શિક્ષતિ નગરી તરીકે ઓળખાતા ગાંધીનગરમાં જ માંડ ૩૦ ટકાથી ઓછો કેશલેશ વ્યવ્હાર થતો હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ છે. શહેરમાં ઘણાં ઠેકાણે સ્વાઈપ મશીનનો ઉપયોગ કરવાનુ વેપારીઓ જ ટાળી રહયા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. કેશલેશ વ્યવ્હારને અનુલક્ષી સામાન્ય નાગરિકોમાં હજુ પર્યાપ્ત જાણકારી નથી. આવા સંજોગોમાં કેશલેશ વ્યવ્હાર માટે આમ નાગરિકોને પ્રશિક્ષણ અને તાલીમ આપવાની અનિવાર્યતા વર્તાઈ રહી છે. બીજીતરફ સ્થાનિક વેપારીઓ પણ કેશલેશ વ્યવસ્થા ગોઠવવામાં હજુ નિરસતા સેવી રહયા હોવાનુ મનાઈ રહયુ છે.

નોટબંધીને એક મહીનાથી વધુ સમય વિતી ગયો હોવા છતા હજુ પણ બજારમાં નોટબંધીના ઘેરા પ્રત્યાઘાતો જોવા મળી રહયા છે. બેંકો પાસે પર્યાપ્ત કેશ ન હોવાથી નાગરિકોને કેશ ઉપલબ્ધ થતી નથી.

● અનુસંધાન પાન-૭ પર



કચરિયું - સામાન્ય અને મધ્યમ વર્ગનું શિયાળાનું વસાણું એટલે કચરિયું... તલ અને ગોળ પીસાય અને એના સંયોજનથી તૈયાર થતું કચરિયું આરોગ્યવર્ધક છે... ગામે ગામ કચરિયાની ઘાણી આજે પણ આપણી ગ્રામીણ સંસ્કૃતિની હાજરી પુરાવે છે... ગાંધીનગરના પાદરમાં પેથાપુર ચાર રસ્તા પાસે તાજુ કચરિયું ખરીદનારાઓની સંખ્યા પણ નોંધપાત્ર છે...

# સંઘના વડા મોહન ભાગવત શનિવારથી ગુજરાતના પ્રવાશે

**મંગળવારે વડોદરામાં સંઘના કાર્યકરોને સાંજે સંબોધન કરશે**

અમદાવાદ, તા.૧૫

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સરસંઘ ચાલક મોહન ભાગવત ૧૭મી ડિસેમ્બરથી વડોદરાના ચાર દિવસના પ્રવાસે આવશે અને ૨૦મી ડિસેમ્બર મંગળવારે વડોદરામાં સંઘના કાર્યકરોને સાંજે સંબોધન કર્યા બાદ નાગપુર જવા રવાના થશે. વિશ્વ સંવાદ કેતુના પ્રાંત પ્રચાર પ્રમુખ વિજય ઠાકરના જણાવ્યા અનુસાર ડો. મોહન ભાગવત ૧૭મીએ વડોદરા ખાતે પ્રાંત કાર્યકારિણીની બેઠકમાં હાજરી આપશે. ૧૮મી રવિવારે વિભાગ સંઘ ચાલક, પ્રચારક તથા પ્રાંત કાર્યકારિણી સાથે બેઠક કરશે. ૧૯મી ડિસેમ્બર સોમવારે તેઓ વિભાગ પ્રચારક સાથે બેઠક કરી સંઘની વિભાગીય કામગીરીની સમીક્ષા કરશે.

જ્યારે ચાર દિવસના પ્રવાસના અંતિમ દિવસે સંઘના સરસંઘ ચાલક ડો. મોહન ભાગવત ૨૦મીએ મંગળવારના રોજ વડોદરાના નવલચી મેદાન ખાતે સાંજે સાત વાગે સ્વયં સેવકોનું એકત્રીકરણ કાર્યક્રમમાં સંબોધન કરશે.

# વાઈબ્રન્ટ સમિટના પગલે શહેરમાં એકપણ લારી-ગલ્લા જોવા નહીં મળે

ગાંધીનગર તા ૧૫

આગામી વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ શહેરને વાઈબ્રન્ટ લુક



આપવા માટે તડામારા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. નગરમાં નજર નાંખો ત્યાં રંગરોગાન તેમજ સુશોભન અને સફાઈ કામ ચાલી રહયુ છે. નગરને દુલ્હનની જેમ શણગારવા માટે તંત્ર યુધ્ધના ધોરણે કામે લાગ્યુ છે. ત્યારે શહેરને વાઈબ્રન્ટ સુધી દબાણમુક્ત બનાવવા માટે પણ અભિયાન હાથ ધરાશે. નગરના મુખ્ય માર્ગો આસપાસના દબાણકર્તાઓને સ્વેચ્છાએ દબાણો દુર કરી દેવા પણ સુચના આપવામાં આવી છે. વાઈબ્રન્ટ સમિટ સુધી શેહરમાં એકપણ દબાણ જોવા નહીં મળે અલબત્ત શહેર સ્વચ્છ ,સુંદર અને દબાણમુક્ત જોવા મળશે. તેમ પણ જણાંવાયુ છે. આગામી વાઈબ્રન્ટ સમિટ સુધી શહેર દબાણમુક્ત બનશે. આડા દિવસોમાં દબાણોના ઢેર વચ્ચે દબાયેલા પાટનગરમાં દબાણ જોવા નહીં મળે. જ યથાસ્થિતએ ગોઠવાઈ જતા દબાણ હટાવ ઝુંબેશ પણ નાટકીય પુરવાર થાય છે. આવા સંજોગોમાં સેકટરોમાંથી દબાણો દુર કરવાનુ અભિયાન બિનઅસરકારક પુરવાર

**શેહરને દબાણમુક્ત કરવા માટે તંત્ર હરકતમાં : આજે દબાણશાખાના અધિકારીઓએ નગરના મુખ્યમાર્ગોનો રાઉન્ડ લીધો દબાણ સ્વેચ્છાએ દુર કરી દેવા સુચના : લારી ગલ્લા દેખાશે તો જપ્ત કરી લેવાશે**

શહેરને દબાણ મુક્ત કરવા માટે તંત્રના અધિકારીઓની ટીમે આજે રાઉન્ડ લીધો હતો. આ દરમિયાન દબાણકર્તાઓને પોતાના દબાણ સ્વચ્છાએ દુર કરી દેવા સુચના આપી છે. શહેરમાં કોઈપણ ઠેકાણે લારી ગલ્લાના દબાણો દેખાશે તો કાયદેસરની કાર્યવાહી કરી માલસામાન કબજે લેવામાં આવશે શહેરમાં મુખ્ય માર્ગો આસપાસ તેમજ ખુલ્લી જગ્યામાં ગમે ત્યાં દબાણો ખડકી દેવાય છે. જેના પરિણામે નજર નાંખો ત્યાં લારી ગલ્લા સહીતના દબાણોએ અડ્ડો જમાવ્યો છે. વર્ષ દરમિયાન તંત્ર દ્વારા સમયાંતરે હાથ ધરાતી ઝુંબેશ પણ નાટકીય પુરવાર થઈ છે. દબાણો દુર કરાયા બાદ ટુંક સમયમાં થાય છે. જયારે હાલ વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરમાં દબાણો દુર કરવા માટે તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ શહેરમાં ઠેર ઠેર વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેરમાં હાલ માર્ગોના નવિનીકરણ ઉપરાંત

● અનુસંધાન પાન-૭ પર


ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in



ગુર્જર ક્ષત્રિય કડીયા-બેસણું





સ્વ.શાંતિલાલ મોહનલાલ સાપરિયા (ચક્ષુદાતા-મુળ ગામ:બાણુગર) (માર્ગ અને મકાન વિભાગ)નું તા.૧૩-૧૨-૧૬ના રોજ અવસાન થયેલ છે. સદ્દગતનું બેસણું તા. ૧૬-૧૨-૧૬ને શુક્રવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે.
નિવાસસ્થાન :- પ્લોટ નં. ૪૩૮/૨, સેક્ટર-૮/બી, ગાંધીનગર
મો. ૯૦૧૬૦ ૭૮૩૪૮, ૯૮૨૪૦ ૧૯૧૯૨
ગીતાંજલીબેન એસ. સાપરિયા (પત્ની) કિલ્લોલ એસ. સાપરિયા (નાની દિકરી)
હિમશ્રુતિ હસમુખભાઈ ખોલિયા (મોટી દિકરી) હસમુખભાઈ બી. ખોલિયા (જમાઈ)
સાપરિયા પરિવાર



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ



શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક કેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે. ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા.** ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com